# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

## સેલ્ફ ફાઈનાન્સ કોલેજો માટે.

### આર્ટ્સ કોલેજની શરતો

<u>શરતોઃ-</u>

૧. યુનિ.એ નિયત કરેલ લાયકાત ધરાવતા આચાર્યની નિમણૂંક કરવામાં આવે.

૨. ૧. વિષય દીઠ શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવે.
   ૨. વર્ગ દીઠ ૩૦ કોમ્પ્યુટર, ૦૧ પ્રિન્ટર, ઈન્ટરનેટ કનેકશન (લેન સાથે)

૩. યુનિ.એ નિયત કરેલ લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂંક કરવામાં આવે.

૪. બિનશૈક્ષણિક સ્ટાફમાં નીચે મુજબની નિમણૂંકો કરવામાં આવે.

| | | | |
|---|---|---|---|
| ૧. | સીનીયર કલાર્ક-૧ | ૨. | જુનિયર કલાર્ક-૧ |
| ૩. | પટાવાળા-૨ | ૪. | ચોકીદાર-૧ |
| ૫. | સ્વીપર-૧ | ૬. | કોમ્પ્યુટર ઓપરેટર-૧ |

૫. ગ્રંથાલયમાં રૂા.૧,૦૦,૦૦૦ ના પુસ્તકો તથા ૨૦ સામયિકો વસાવવા અને વિષય દીઠ ફાળવણી કરવી.

૬. કોલેજના મકાનમાં નીચે મુજબની ભૌતિક સુવિધાઓ કરવામાં આવે.
   ૧. વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે ક્ષેત્રફળવાળા જરૂરી અભ્યાસ ખંડો
   ૨. આચાર્યશ્રી માટેનો (ટોઈલેટની સગવડ સાથેનો) અલગ ખંડ
   ૩. ઓફિસ માટે જરૂરી ફર્નિચર અને અન્ય સુવિધાઓ સહિતનો ખંડ
   ૪. શિક્ષકો માટેનો (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ
   ૫. વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફ એકીસાથે બેસીને વાંચી શકે તેવો વાંચનખંડ સહિતનો પુસ્તકો તથા પ્રવર્તમાન જર્નલ સાથેનો ખંડ.
   ૬. વિદ્યાર્થિનીઓ માટે (ટોઈલેટની સગવડ સાથેનો) સ્વતંત્ર ખંડ
   ૭. પીવાના પાણી માટેનો ખંડ અને પીવાના પાણી માટે મીનરલ ઠંડા પાણીની વ્યવસ્થા કરવી.
   ૮. શૌચાલય વગેરેની પર્યાપ્ત સુવિધા
   ૯. ટયુટોરીયલ માટેનો જરૂરી ખંડ
   ૧૦. વિદ્યાર્થીઓ માટે (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ અને ૧૦ કોમ્પ્યુટર સાથેનું સાયબર કાફે ગ્રંથાલયમાં બનાવવું.
   ૧૧. કેમ્પસમાં છાંયડા સાથેના પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવે.
   ૧૨. મલ્ટીમીડીયા પ્રોજેકટરો કલાસરૂમમાં મુકવામાં આવે.
   ૧૩. કેમ્પસમાં ૨૦ વેબ કેમેરા ગોઠવવામાં આવે.
   ૧૪. જરૂરી કેમીકલ વસાવવામાં આવે.

૭. કોલેજના આચાર્યશ્રી માટે કોલેજની નજીક યુનિવર્સિટીના ધારાધોરણ અનુસારની સુવિધાઓ સહીતના ભાડામુકત નિવાસસ્થાનની વ્યવસ્થા કરવામાં આવે.

૮. ઓછામા ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૯. છાત્રાલયના ગૃહપતિ માટે છાત્રાલયના વિસ્તારમાં ભાડામુકત નિવાસસ્થાનની વ્યવસ્થા કરવામાં આવે.

૧૦. ૧૦,૦૦૦ના ચો.મીટરના ક્ષેત્રફળવાળા રમત-ગમત મેદાનની વ્યવસ્થા કરવામાં આવે.

૧૧. કોલેજના આચાર્યશ્રીઓને મંડળની સંચાલક સમિતિ પર હોદ્દાગત સભ્ય બનાવવામાં આવે

૧૨. યુનિવર્સિટીના ધારાધોરણ અને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો પ્રમાણે દરકે શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીઓને સમયસર પગાર અને અન્ય ભથ્થા બેંક મારફતે ચૂકવવામાં આવે.

૧૩. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ સ્ટાફની ભરતી કરવા માટે સરકારશ્રીની જે કંઈ મંજૂરી લેવાની આવશ્યકતા હોય તે મેળવવાની જવાબદારી કોલેજ/સંચાલક મંડળની રહેશે.

૧૪. સરકારશ્રીના ધારાધોરણ મુજબ અનામત અને રોસ્ટર પધ્ધતિના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૫. યુનિવર્સિટી સૂચવે તે રીતે પેન્શન, પ્રો.ફંડ તથા ગ્રેજયુઈટી માટે જોગવાઈ કરવાની રહેશે.

૧૬. શિક્ષક અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે પેન્શન, ગ્રેજયુઈટી ફંડ ઉભું કરવામાં આવે.

**<u>નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારની માર્ગદર્શિકા પ્રમાણેની વધારાની શરતોઃ</u>**

૧૭. ડીપોઝીટ અંગેની શરતઃ

(૧) રાજય સરકારના ઠરાવ પ્રમાણેઃ

૧. પોતાનું સ્વતંત્ર મકાન ન ધરાવનાર કોલેજે પાંચ વર્ષમાં પોતાનું મકાન બનાવી દેવાનું રહેશ. આ માટે સંચાલક મંડળે યુનિવર્સિટીમાં રૂા.૧૨,૦૦,૦૦૦/- (રૂપિયા બાર લાખ પૂરા) ની ડીપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે છ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. મકાન બનાવનાર સંસ્થાએ પાંચ વર્ષ બાદ નિયમાનુસાર દંડ યુનિ. ને ભરવાનો રહેશે.

૨. કોલેજના કર્મચારીઓના પગાર-ભથ્થા માટે અનામત ફંડ તરીકે યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે રૂા.૬,૦૦,૦૦૦/- (છ લાખ પૂરા) ડીપોઝીટ તરીકે છ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાના રહેશે. જે યુનિ.ની પરવાનગી વિના ઉપાડી શકાશે નહી તથા પાકતી મુદતે વ્યાજ સહીત તે રીન્યુ કરવાની રહેશે.

૧૮. ઉપર્યુકત ડીપોઝીટ પૈકી જે તે હેતુ કે શરતનું સંસ્થા દ્વારા નિયત સમય-મર્યાદામાં કરવામાં નહિ આવે તો જે તે હેતુસરની ડીપોઝીટ યુનિવર્સિટી દ્વારા જપ્ત કરવામાં આવશે.

૧૯. જે તે અભ્યાસક્રમ માટેનું રાજય સરકારશ્રીનું ''ના વાંધા પ્રમાણપત્ર'' કે ''સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી'' મેળવવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે.

૨૦. રાજય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી વિના સંસ્થા વિદ્યાર્થી પ્રવેશ આપી શકશે નહી અને છતાં આપવામાં આવશે તો તે ગેરકાયદેસર પ્રવેશ ગણાશે અને તે માટેની સઘળી જવાબદારી સંસ્થાની રહેશે.

૨૧. નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારશ્રીના તા.૨૧-૧૨-૨૦૦૧ના ઠરાવ ક્રમાંકઃયજન/ ૧૦૨૦૦૧/(૨૮)/ખ-૧ માં નમૂના-ક પ્રમાણેનું રૂા.૫૦-૦૦ ના સ્ટેમ્પ પેપર પર ડીડ ઓફ ડેકલેરશન યાને એકરારનામું ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સમક્ષ અથવા નોટરી સમક્ષ કરી મૂકવામાં આવેલ વિવિધ ફિકસ્ડ ડીપોઝીટની રસીદોની નકલ સહીત રજૂ કરવાની રહેશે.

૨૨. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનવર્સિટીના આવા વખતોવખતના નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે.

૨૩. મંડળ/ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂપિયા ૨,૦૦,૦૦૦/- (બે લાખ પૂરા) ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજસહીત રીન્યુ કરાવવાની રહેશે.

૨૪. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા.૨૫,00,000/- (પચ્ચીસ લાખ પૂરા) ની રકમ રોકડમાં,બેંક બેલેન્સ કે ડીપોઝીટ રૂપે તથા રૂા.૨૫,00,000/- (પચ્ચીસ લાખ પૂરા) ની સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ/મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવે.

૨૫ ડિપોઝીટની શરત અન્વયેની મિલ્કતો ઋણમુકત હોવા બાબતનું માન.ચેરીટી કમિશ્નરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.

૨૬. કોલેજ શરૂ કરતા પહેલાં મંડળ પાસે રૂા.૫,00,000/- (પાંચ લાખ પૂરા) નું વર્કીગ ફંડ હોવાના આધારો યુનિ.માં રજૂ કરવાના રહેશે.

૨૭. ખાસ (કાયદાકીય) ફી તરીકે યુનિવર્સિટીના આકસ્મિક ભંડોળ માં પ્રતિ વર્ષ રૂા.૪000/- (ચાર હજાર) લેખેની બાકી રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે તથા દર વર્ષે પ્રથમ સત્રના અંત સુધીમાં જમા કરાવવામાં આવે.

૨૮. કોલેજના તમામ સ્ટાફના પગાર બીલના ૨0% રકમ સ્ટાફના નિવૃત્તિના લાભો માટે યુનિવર્સિટી સૂચવે તે નિધિમાં નિયમિતપણે જમા કરાવવામાં આવે.

૨૯. કોલેજમાં ઈમેઈલ /૧0 mbps સ્પીડના ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે. કોલેજની વેબસાઈટ બનાવવામાં આવે.

૩૦. કોલેજમાં વિદ્યાર્થી પ્રવેશ માટે યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીની અનામત નીતિને અનુસરવાની રહેશે.

૩૧. વર્ષ દરમ્યાન કોલેજમાં ખાલી રહેલ શૈક્ષણિક વર્ગની જગ્યાઓના તેટલા સમયના પગારની બચાવેલ રકમના ૧૨૫% રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે.

૩૨. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા-ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ.

૩૩. કોલેજના વિધાર્થીઓ પ઼ાસેથી દર વર્ષે લેવામાં આવતી ટયુશન ફીમાંથી યુનિવર્સિટીના તા.૨૯-૫-0૩ ના પરીપત્ર નં.૧0૯/૨00૩ અન્વયેની નિયમાનુસારની વિધાર્થી દીઠ, પ્રતિ વર્ષ પ્રમાણેની રકમ યુનિવર્સિટીમાં ભભવિકાસ ફંડભભ ખાતે પ્રથમ સત્રના અંત સુધીમાં જમા કરાવવામાં આવે. આ માટે વિધાર્થીઓ પાસેથી અલગથી કોઈ વધારાની રકમ ઉઘરાવી શકાશે નહિ.

૩૪. ૨0-કમ્પ્યુટર વસાવવાના રહેશે તેમજ કમ્પ્યુટર લેબ માટે ટેકનીકલ આસિ.ની ભરતી કરવાની રહેશે.

૩૫. યુનિવર્સિટીના નિયમોનુસાર ફીઝીકલ ઈન્સ્ટ્રકટરની ભરતી કરવાની રહેશે.

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

## સરકારી કોલેજો માટે.

### આર્ટ્સ કોલેજની શરતો

**શરતો :-**

૧. યુનિ.એ નિયત કરેલ લાયકાત ધરાવતા આચાર્યની નિમણૂંક કરવામાં આવે.

૨. ૧. વિષય દીઠ શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવે.
૨. વર્ગ દીઠ ૩૦ કોમ્પ્યુટર, ૦૧ પ્રિન્ટર, ઈન્ટરનેટ કનેકશન (લેન સાથે)

૩. યુનિ.એ નિયત કરેલ લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂંક કરવામાં આવે.

૪. બિનશૈક્ષણિક સ્ટાફમાં નીચે મુજબની નિમણૂંકો કરવામાં આવે.

| | | | |
|---|---|---|---|
| ૧. | સીનીયર કલાર્ક-૧ | ૨. | જુનિયર કલાર્ક-૧ |
| ૩. | પટાવાળા-૨ | ૪. | ચોકીદાર-૧ |
| ૫. | સ્વીપર-૧ | ૬. | કોમ્પ્યુટર ઓપરેટર-૧ |

૫. ગ્રંથાલયમાં રૂા.૧,૦૦,૦૦૦ ના પુસ્તકો વસાવવા અને વિષય દીઠ ફાળવણી કરવી.

૬. પુસ્તકો-સામયિકો અને દ્રશ્ય-શ્રાવ્ય સાધનો માટે પ્રતિ વર્ષે રૂા.૪,૦૦૦/- નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે અને ગ્રંથાલયમાં દરેક અભ્યાસક્રમનો અભ્યાસ કોમ્પ્યુટરમાં/સીડીમાં રાખવામાં આવે.

૭. કોલેજના મકાનમાં નીચે મુજબની ભૌતિક સુવિધાઓ કરવામાં આવે.

   ૧. વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે ક્ષેત્રફળવાળા જરૂરી અભ્યાસ ખંડો
   ૨. આચાર્યશ્રી માટેનો (ટોઈલેટની સગવડ સાથેનો) અલગ ખંડ
   ૩. ઓફિસ માટે જરૂરી ફર્નિચર અને અન્ય સુવિધાઓ સહિતનો ખંડ
   ૪. શિક્ષકો માટેનો (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ
   ૫. વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફ એકીસાથે બેસીને વાંચી શકે તેવો વાંચનખંડ સહિતનો પુસ્તકો તથા પ્રવર્તમાન જર્નલ સાથેનો ખંડ.
   ૬. વિદ્યાર્થિનીઓ માટે (ટોઈલેટની સગવડ સાથેનો) સ્વતંત્ર ખંડ
   ૭. પીવાના પાણી માટેનો ખંડ અને પીવાના પાણી માટે મીનરલ ઠંડા પાણીની વ્યવસ્થા કરવી.
   ૮. શૌચાલય વગેરેની પર્યાપ્ત સુવિધા
   ૯. ટયુટોરીયલ માટેનો જરૂરી ખંડ
   ૧૦. વિદ્યાર્થીઓ માટે (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ અને ૧૦ કોમ્પ્યુટર સાથેનું સાયબર કાફે ગ્રંથાલયમાં બનાવવું.
   ૧૧. કેમ્પસ છાંયડા સાથેના પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવે.
   ૧૨. મલ્ટીમીડીયા પ્રોજેકટરો કલાસરૂમમાં મુકવામાં આવે.
   ૧૩. કેમ્પસમાં ૨૦ વેબ કેમેરા ગોઠવવામાં આવે.

૮. કોલેજના આચાર્યશ્રી માટે કોલેજની નજીક યુનિવર્સિટીના ધારાધોરણ અનુસારની સુવિધાઓ સહીતના ભાડામુકત નિવાસસ્થાનની વ્યવસ્થા કરવામાં આવે.

૯. ઓછામા ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૧૦. છાત્રાલયના ગૃહપતિ માટે છાત્રાલયના વિસ્તારમાં ભાડામુકત નિવાસસ્થાનની વ્યવસ્થા કરવામાં આવે.

૧૧. ૧૦,૦૦૦ના ચો.મીટરના ક્ષેત્રફળવાળા રમત-ગમત મેદાનની વ્યવસ્થા કરવામાં આવે.

૧૨. કોલેજના આચાર્યશ્રીઓને મંડળની સંચાલક સમિતિ પર હોદ્દાગત સભ્ય બનાવવામાં આવે.

૧૩. યુનિવર્સિટીના ધારાધોરણ અને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો પ્રમાણે દરકે શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીઓને સમયસર પગાર અને અન્ય ભથ્થા બેંક મારફતે ચૂકવવામાં આવે.

૧૪. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ સ્ટાફની ભરતી કરવા માટે સરકારશ્રીની જે કંઈ મંજૂરી લેવાની આવશ્યકતા હોય તે મેળવવાની જવાબદારી કોલેજ/સંચાલક મંડળની રહેશે.

૧૫. સરકારશ્રીના ધારાધોરણ મુજબ અનામત અને રોસ્ટર પધ્ધતિના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૬. યુનિવર્સિટી સૂચવે તે રીતે પેન્શન, પ્રો.ફંડ તથા ગ્રેજયુઈટી માટે જોગવાઈ કરવાની રહેશે.

૧૭. કર્મચારીઓની નિમણૂંક રાજય સરકારની અનામત અને રોસ્ટર નીતિ સાથે સુસંગત રાખવાની રહેશે.

૧૮. શિક્ષક અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે પેન્શન, ગ્રેજયુઈટી ફંડ ઉભું કરવામાં આવે.

**<u>નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારની માર્ગદર્શિકા પ્રમાણેની વધારાની શરતો :</u>**

૧૯. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનવર્સિટીના આવા વખતોવખતના નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે.

૨૦. ખાસ (કાયદાકીય) ફી તરીકે યુનિવર્સિટીના આકસ્મિક ભંડોળ માં પ્રતિ વર્ષ રૂા.૨૦૦૦/- (ચાર હજાર) લેખેની બાકી રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે તથા દર વર્ષે પ્રથમ સત્રના અંત સુધીમાં જમા કરાવવામાં આવે.

૨૧. કોલેજના તમામ સ્ટાફના પગાર બીલના ૨૦% રકમ સ્ટાફના નિવૃત્તિના લાભો માટે યુનિવર્સિટી સૂચવે તે નિધિમાં નિયમિતપણે જમા કરાવવામાં આવે.

૨૨. કોલેજમાં ઈમેઈલ /૧૦ mbps સ્પીડના ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે. કોલેજની વેબસાઈટ બનાવવામાં આવે.

૨૩. કોલેજમાં વિદ્યાર્થી પ્રવેશ માટે યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીની અનામત નીતિને અનુસરવાની રહેશે.

૨૪. વર્ષ દરમ્યાન કોલેજમાં ખાલી રહેલ શૈક્ષણિક વર્ગની જગ્યાઓના તેટલા સમયના પગારની બચાવેલ રકમના ૧૨૫% રકમ યુનિવર્સિટી માં જમા કરાવવામાં આવે.

૨૫. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા-ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ.

૨૬. ઓછામાં ઓછા ૨૫૦ પુસ્તકો ખરીદવાં.

૨૭. ઓછામાં ઓછા ૨૦ સામયિકોનું લવાજમ ભરવું.

૨૮. યુનિવર્સિટીના નિયમ મુજબ આચાર્ય / ડાયરેકટર અથવા પ્રોફેસરની મંજૂરી મળ્યેથી ત્રણ પૈકી એક ભરતી કરવાની રહેશે.

૨૯. યુનિવર્સિટીના નિયમ મુજબ અધ્યાપક તેમજ ગ્રંથપાલની નિમણૂંક કરવાની રહેશે.

૩૦. અભ્યાસક્રમને લગતા પુસ્તકો મંજૂરી મળ્યેથી વસાવવાના રહેશે.

૩૧. ૨૦-કમ્પ્યુટર વસાવવાના રહેશે તેમજ કમ્પ્યુટર લેબ માટે ટેકનીકલ આસિ.ની ભરતી કરવાની રહેશે.

૩૨. બિન શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવાની રહેશે.

૩૩. યુનિવર્સિટીના નિયમોનુસાર શારીરિક શિક્ષણ નિયામકની ભરતી કરવાની રહેશે.